રજુ તારીખ-૦૭/૦૨/૨૦૧૮

દાખલ તારીખ-૦૭/૦૨/૨૦૧૮

ફેસલ તારીખ-૨૯/૦૯/૨૦૧૮

સમય- ૦૦ વર્ષ ૦૭ માસ ૨૨ દિવસ.

**કપડવંજના મહે.એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટકલાસ સાહેબની કોર્ટમા, મુ.કપડવંજ**

**ફોજ. કે.નં. ૨૯૫/૨૦૧૮**

**આંક**

**ફરીયાદી- શ્રી સરકાર**

**વિ.**

**આરોપી- ઉદેસિંહ ફતેસિંહ વાઘેલા,**

**રહે. મુ.વડોલ, તા.કપડવંજ,જી.ખેડા**

ગુનો- ઈ.પી.કોડ કલમ- ૨૮૩, જી.પી.એકટ કલમ-૧૦૨,૧૧૭ મુજબ

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આરોપીએ **તા.૨૦/૧૨/૨૦૧૭** નારોજ કલાક **૧૧/૦૦** વાગે મોજે.કપડવંજ ત્રિવેણી પારેક પાસે આવેલ જાહેર રોડ ઉપર પોતાની પીયાગો રીક્ષા મુકી આવતા જતા રાહદારીઓ તેમજ ટ્રાફીકને અડચણ થાય તે રીતે ભય તથા અવરોધ ઉભો કરી મળી આવી પકડાઈ જઈ ઈ.પી.કોડ કલમ- ૨૮૩, જી.પી.એકટ કલમ-૧૦૨,૧૧૭ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સની બજવણી કરતા તેઓ કોર્ટ રુબરુ હાજર થતાં તેઓની પોલીસપેપર્સની નકલો વિનામુલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીનું **આંક-૦૩** નિવેદન લેતા સદર આરોપીએ ગુનાની હકીકતનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષે પુરાવો લઈ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબના લેખિત તેમજ મૌખિક પુરાવા રજુ છે.

**મૌખિક પુરાવા**

આંક-૦૪ પંચ વિષ્ણુભાઇ જયંતિભાઇ રાણાની જુબાની

આંક-૦૬ પંચ દેવેન્દ્રભાઇ ભીખઆભાઇ રાઠોડની જુબાની

આંક-૦૭ ફરીયાદી શનાભાઈ નારણભાઈની જુબાની

**લેખિત પુરાવા**

આંક-૦૫ પંચનામુ

આંક-૦૮ ફરીયાદ

(૪) હાલના કામે ફરીયાદપક્ષે રજુ પુરાવો જોતા આરોપીનુ વિશેષ નિવેદન લેવામા આવેલ છે. જયારે આ કામે વિ.એ.પી.પી.શ્રી.ની તથા આરોપીપક્ષેની વિગતવારની દલીલો સાંભળવામા આવેલ છે.

(૫) ઉપરોક્ત હકીકત મારા ન્યાયનિર્ણય અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

(૧) શુ ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ બનાવ સ્થળ, સમય અને તારીખે ઈ.પી.કોડ કલમ-૨૮૩, જી.પી.એકટ કલમ-૧૦૨,૧૧૭ મુજબનો આક્ષેપાયેલ ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદાના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

// કારણો //

(૭) **મુદા નં.૧-૨-**

સદર કામે ફરીયાદપક્ષે આંક-૦૪થી પંચ વિષ્ણુભાઇ જયંતિભાઇ રાણાને તેમજ આંક-૦૬થી પંચ દેવેન્દ્રભાઇ ભીખાભાઇ રાઠોડને સોગંદ પર તપાસેલ છે અને તેઓની જુબાની થકી આંક-૦૫ નું પંચનામું રજુ છે. સદર પંચો તેમની હાજરીમાં પંચનામું થયેલ નથી તેમ જણાવી પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલ તેમ જણાવતા હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે અને તે બાદની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને કોઇ સમર્થનકારી હકીકત જણાવતા નથી. જેથી આ કામે પંચનામું કે તેની હકીકત પુરવાર માની શકાય નહી.

જયારે આ કામે આંક-૦૭ થી ફરીયાદી  શનાભાઈ નારણભાઈ કે જે પોલીસ સાહેદ છે તેમને તપાસતા ગઈ તા.૧૪.૦૩.૨૦૧૮ના રોજ તે કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનમાં ટ્રાફીક નિયમન શાખામાં ફરજ પર હોય અને તે તથા અન્ય સ્ટાફના માણસો પો.સ.ઈ.શ્રીની સુચના અન્વયે ટાઉન વિસ્તારમાં ટ્રાફિક નિયમન અને વાહનોમાં વધતા અકસ્માતો તથા વેપારીઓ ધ્વારા જાહેર રસ્તા ઉપર પોતાનો સરસામાન મુકી અડચણ ઉભી કરતા હોય પંચો બોલાવી સાથે રાખી હકીકતથી વાકેફ કરી કપડવંજ બજારમાં જાહેર રોડ પર રાહદારીઓને અડચણ ઉભી કરેલ તે રીતે ઉભી રાખેલ હોય અને અવરોધ ઉભો કરેલ હોય પંચો રુબરુ સદર ઈસમનું નામ પુછતાં **ઉદેસિંહ ફતેસિંહ વાઘેલા, કપડવંજ** જણાવેલ આ અંગે પંચનામું કરી સરકાર તરફે બનાવની ફરીયાદ આપેલ જે ફરીયાદ આંક-૦૮ ને ઓળખી બતાવે છે અને આરોપીને ઓળખે છે તેમ જણાવે છે. સદર ફરીયાદીની ઉલટતપાસમા સ્વીકારી છે કે, સદર બનાવવાળો વિસ્તાર પબ્લીક અવરજવર વાળો છે અને આજુબાજુ ઘણી દુકાનો આવેલ છે.

આમ ફરીયાદપક્ષે ઉપરોકત રજુ પુરાવો જોતાં હાલના કામે ફરીયાદપક્ષ જે પંચોને લઈને આવેલ છે તેઓ ફરી ગયેલા જાહેર થતાં કે જે સ્વતંત્ર પંચો ગણાય તેઓની જુબાનીથી પંચનામું પુરવાર માની શકાય તેમ નથી. જયારે ફરીયાદી  એમ સ્વીકારતા હોય તે જાહેર રોડ પર બનાવ બનેલ છે તેમજ ત્યાં માણસોની અવર જવર રહે છે તો તેવા સ્વતંત્ત સાહેદો મળી શકે તેમ હોવા છતાં આ કામે તેવા કોઈ નિવેદનો લીધેલ જણાતા નથી કે સ્વતંત્ર સાહેદોનું સમર્થન પણ મળેલ નથી. આ સંજોગોમા ફરીયાદપક્ષના ફરીયાદી ફરીયાદપક્ષના રસ ધરાવતા વ્યકતિ ગણી શકાય તેઓને સ્વતંત્ર સાહેદોનું સમર્થન મળવું આવશ્યક છે,બલ્કે સ્વતંત્ર પંચોનું જ સમર્થન મળેલ ના  હોય કે અન્ય સ્વતંત્ર સાહેદોનું સમર્થન મળી શકેલ ના હોય  ફરીયાદપક્ષે સદર કેસ સ્વતંત્ર સાહેદોના તટસ્થ પુરાવા આધારે પુરવાર કરી શકેલ ના હોય મુદા નં.૧ નો જવાબ નકારમામ ઠરાવી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

<u>- આખરીહુકમ-</u>

(૧) આરોપીને ક્રિ. પ્રો. કોડ કલમ- ૨૫૫ (૧) અન્વયે  ઈ.પી.કોડ કલમ-  ૨૮૩ તથા જી.પી.એકટ કલમ-  ૧૦૨,૧૧૭ મુજબના ગુનામાંથી  નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીએ અપીલ સમય સુધીના રુ.૧૦,૦૦૦/- ના જામીન આપવાના રહેશે.

C.C.NO.295/2018

**હુકમ આજ તા.૨૯ માહે સપ્ટેમ્બર સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સહી કરી જાહેર કર્યો.**

**તા.૨૯/૦૯/૨૦૧૮**

**કપડવંજ**

**(કુ.શબાના અબ્દુલકાદર મનસુરી)**

**એડી.જયુડી.મેજીસ્ટ્રેટ.ફસ્ટકલાસ**

**કપડવંજ**

CODE NO.GJ 01024